## રાજપીપલાના મે. બીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ રાજપીપલા, જી.નર્મદા

**ક્રિમીનલ કેસ નંબરઃ ૬૮૯/૨૦૨૬**

## આંક–૧ નીચે હુકમ

(૧) આ કામે આરોપી સામે ત.ક.અમલદારે બી.એન.એસ.ની કલમ– ૨૮૫ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરસીસ **આંક–૪** થી રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે પોતે ગરીબ વર્ગના છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે. કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનું **આંક–૩** થી નિવેદન લેતાં તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ તેને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી. ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે છતાં પોતે સ્વૈચ્છીક કબુલાત કરતો હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. તેમજ સદરહું આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને નિગાહે લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ. સ્ટેટનો ચુકાદો જે જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં.૭૯૯ ઉપર પ્રકાશિત થયેલ છે. તે ઘ્યાને લેતાં આરોપીને આવા કીસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય જે સંજોગોમાં આરોપીની કબુલાતને ઘ્યાને લેતાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**::હુકમ::**

– આરોપી ગોવીદકુમાર કેશાજી મીણાનાઓને મજકુર ગુના સબબ આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ.ની કલમ–૨૮૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, રૂપિયા ૧૦૦/–દંડની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે તેમજ દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો દિન–૨ (બે) ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે.

– આરોપીએ કુલ દંડ રૂપીયા ૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) ભરવા.

ઉપરોકત હુકમ આજ તારીખ : ૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળઃ રાજપીપલા**

**(ફૈયાઝ અમાનુલ્લાખાન સિંધી)**
**બીજા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ**
**રાજપીપલા, જી.નર્મદા**
**કોડ નં.જી.જે.૦૧૧૫૧**